# અધિક માસ સમાપ્ત : શ્રાવણની શરૂઆત



અધિક માસની પૂર્ણાહુતિ થઈ ચુકી છે ત્યારે શ્રાવણ મહિનાનો પ્રારંભ ગુરૂવારથી થઈ ચુકયો છે. શ્રાવણની શરૂઆત થતા જ શિવભક્તો ભક્તિમય માહોલમાં શિવ આરાધના માટે ઉમટી પડ્યા છે. શહેરના શિવાલયોમાં વહેલી સવારથી જ ભગવાન ભોળાનાથને રીઝવવા અને પૂજા અર્ચના કરવા માટે ઉમટી પડતાં હોય છે. બિલીપત્ર અને દૂધ શિવલીંગ ઉપર અર્પણ કરીને શિવભક્તો ધન્યતા અનુભવી રહયા છે ત્યારે શરૂ થયેલા શ્રાવણ માસમાં ભાવિક ભક્તો શિવમય બનીને શિવભક્તિમા તરબોળ થઈ જશે.

### ગાંધીનગરમાં જી-૨૦ આરોગ્ય મંત્રીની બેઠકના ભાગરૂપે

# પરંપરાગત ચિકિત્સા પર WHOની સૌપ્રથમ ગ્લોબલ સમિટનું ઉદઘાટન

**"આધુનિક સમયમાં, કુદરતી અને હર્બલ-આધારિત ફાર્માસ્યુટિકલ્સ અને કોસ્મેટિક્સની માંગ પરંપરાગત ઉપચાર પદ્ધતિઓના કાયમી મહત્વ પર ભાર મૂકે છે" : પ્રાચીન શાણપણ અને આધુનિક વિજ્ઞાનને અપનાવીને આપણે 'વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર' લોકાચારને પ્રોત્સાહન આપવાની સાથે-સાથે સ્વાસ્થ્ય સંબંધિત સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવાની દિશામાં સામૂહિક રીતે કામ કરી શકીએ છીએઃ ડો.મનસુખ માંડવિયા**

ગાંધીનગર, તા.૧૭

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "પરંપરાગત ચિકિત્સા માટે વૈશ્વિક શિખર સંમેલન આશાની દીવાદાંડીનું કામ કરે છે, જે સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમને પ્રોત્સાહન આપે છે. પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનને અપનાવીને આપણે 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ની નીતિને પ્રોત્સાહન આપવાની સાથે-સાથે સ્વાસ્થ્ય સાથે સંબંધિત સ્થાયી વિકાસ લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવાની દિશામાં સંયુક્તપણે કામ કરી શકીએ છીએ." એમ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો.મનસુખ માંડવિયાએ કેન્દ્રીય આયુષ મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને વિશ્વ આરોગ્ય સંગઠનના મહાનિદેશક ડો.ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસની ઉપસ્થિતિમાં વિશ્વ આરોગ્ય સંગઠનના મહાનિદેશક ડો.ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે પરંપરાગત ચિકિત્સા માટે ડબલ્યુએચઓની સૌપ્રથમ ગ્લોબલ સમિટનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું. આયુષ મંત્રાલય દ્વારા સહ-સંચાલિત, આ સમિટ ૧૭થી ૧૯ ઓગસ્ટ દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં ચાલી રહેલી જી - ૨૦ આરોગ્ય પ્રધાનોની બેઠકના ભાગરૂપે કો-બ્રાન્ડેડ ઈવેન્ટ છે. આ ઉદઘાટન સમારંભમાં આયુષ રાજયમંત્રી ડો. મુંજપરા મહેન્દ્રભાઈ કાળુભાઈ, ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી રૂષિકેશ પટેલ, ભૂતાનના આરોગ્ય મંત્રી સુશ્રી લોન્પો દાશો ડેશેન વાંગમો અને નેશનલ ડાયરેક્ટર ઓફ પૈતૃક ટ્રેડિશનલ મેડિસિન, બોલિવિયા સુશ્રી વિવિયન ટી.




કામાચો હિનોજોસા પણ ઉપસ્થિત રહ્યા હતા. ૧૭થી ૧૮ ઓગસ્ટ દરમિયાન બે દિવસ ચાલનારી આ સમિટની થીમ "તમામ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી તરફ" હશે, જેમાં સ્વાસ્થ્ય સામેનાં પડકારોનું સમાધાન કરવા અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સ્થાયી વિકાસમાં પ્રગતિને વેગ આપવા માટે પરંપરાગત પ્રશંસાત્મક અને સંકલિત ચિકિત્સાની ભૂમિકા ચકાસવામાં આવશે. ટ્રેડિશનલ મેડિસિન પર સૌપ્રથમ ગ્લોબલ સમિટના પ્રસંગે ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "આ ગ્લોબલ સમિટ પરંપરાગત અને પૂરક ઔષધિઓના ક્ષેત્રમાં સંવાદ, વિચારનું આદાન-પ્રદાન, જોડાણ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી માટે એક વિશિષ્ટ પ્લેટફોર્મ પ્રસ્તુત કરે છે. સદીઓથી, પરંપરાગત અને પૂરક દવાઓએ વ્યક્તિગત અને સામુદાયિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આધુનિક સમયમાં પણ, કુદરતી અને હર્બલ-આધારિત ફાર્માસ્યુટિકલ્સ અને કોસ્મેટિક્સની માંગ પરંપરાગત ઉપચાર પદ્ધતિઓના કાયમી મહત્વ પર ભાર મૂકે છે."

ગુજરાતના પ્રતિનિધિઓ અને મંત્રીઓને આવકારતા ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ ધરાવતું શહેર ગાંધીનગર આ પ્રતિષ્ઠિત સમિટ માટે યોગ્ય પૃષ્ઠભૂમિનું કામ કરે છે. ઈતિહાસ અને સંસ્કૃતિથી સમૃદ્ધ ભૂમિ ગુજરાત, ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદાર વલ્લભભાઈ પટેલ જેવી મહાનુભાવોનું જન્મસ્થળ પણ છે. સ્વતંત્રતાના પગલે રાષ્ટ્રીય એકતા પ્રત્યેની તેમની અદમ્ય ભાવના અને પ્રતિબદ્ધતાએ આપણા દેશ પર અમિટ છાપ છોડી છે."

આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પરંપરાગત ચિકિત્સા પર સૌપ્રથમ ગ્લોબલ સમિટનું આયોજન કરવું એ ગુજરાત અને ભારત માટે ગૌરવની બાબત છે. એક પ્રાચીન ભારતીય ગ્રંથને ટાંકીને તેમણે કહ્યું હતું કે, "સર્વે ભવન્તુ સુખિનાહ; સર્વે સંતુ નિરામય,"બધા ખુશ રહે, બધા રોગમુક્ત રહે, આ હંમેશા ભારતનો વિશ્વાસ રહ્યો છે, વસુધૈવ કુટુમ્બકમની ફિલસૂફીને અનુરૂપ, વિશ્વ એક પરિવાર છે.."

આ ઉદઘાટન સમારંભમાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં સચિવ શ્રી સુધાંશ પંત, આયુષ મંત્રાલયનાં સચિવ શ્રી રાજેશ કોટેચા, યુરોપનાં વિશ્વ આરોગ્ય સંસ્થાનાં પ્રાદેશિક નિયામક ડૉ. હંસ ક્લુગે અને દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રનાં પ્રાદેશિક નિયામક ડૉ. પૂનમ ખેત્રપાલ સિંહ પણ સહભાગી થયાં હતાં. આ કાર્યક્રમમાં આગામી બે દિવસમાં વૈજ્ઞાનિકો, પરંપરાગત ચિકિત્સાના પ્રેક્ટિશનર્સ, હેલ્થ વર્કરો અને વિશ્વભરની સિવિલ સોસાયટી સંસ્થાઓના સભ્યો ભાગ લેશે.

# પ્રદેશ કોંગ્રેસના પ્રભારી તરીકે મુકુલ વાસનિકની નિમણુંક કરવામાં આવી

અમદાવાદ,તા.૧૭

લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. પ્રદેશ કોંગ્રેસના પ્રભારી તરીકે મુકુલ વાસનિકની નિમણુંક કરવામાં આવી છે.

લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. પ્રદેશ કોંગ્રેસના પ્રભારી તરીકે મુકુલ વાસનિકની નિમણુંક કરવામાં આવી છે. રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિક ગુજરાત કોંગ્રેસના પ્રભારી બન્યા છે. આગામી ૨૦૨૪ની ચૂંટણીને લઈને કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ તરીકેની નિમણૂક કરવામાં આવી છે. આજે કોંગ્રેસ દ્વારા ગુજરાતનાં કોંગ્રેસનાં પ્રભારી તરીકે મુકુલ વાસનિકને કમાન સોંપવામાં આવી છે. રાજયસભાના સાંસદ મુકુલ વાસનિક ગુજરાત કોંગ્રેસના પ્રભારી બન્યા છે. લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ દ્વારા મુકુલ વાસનિકને ગુજરાતના પ્રભારી મહાસચિવ નિયુક્ત કરાઈ મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

## કંપની સમાચાર

### એચડીએફસી ઈન્ટરનેશનલ લાઈફ & Re, IFSC બ્રાન્ચઅને એચડીએફસી એએમસી ઈન્ટરનેશનલ (IFSC)ની ગિફ્ટ સિટી- IFSC સાથે ભાગીદારી

ગાંધીનગર, તા.૧૭

એચડીએફસી બેક્રની બે ગ્રૂપ કંપનીઓ ગિફ્ટ સિટી- IFSC ખાતેથી કામગીરી શરૂ કરવા સજ્જ છે.

HDFC ઈન્ટરનેશનલ લાઈફ અને Re, IFSC. બ્રાન્ચ ભારતની અગ્રણી વીમા કંપનીઓમાંની એક એચડીએફસી લાઈફે જાહેરાત કરી છે કે તેની પેટાકંપની એચડીએફસી ઈન્ટરનેશનલ લાઈફ અને Re હવે એચડીએફસી લાઈફ ઈન્ટરનેશનલ બ્રાન્ડ નેમ હેઠળ બિન નિવાસી ભારતીયો (NRIs) માટે યુએસ ડોલર ચલણમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ સોલ્યુશન્સ પૂરાં પાડશે.

એચડીએફસી લાઈફ ઈન્ટરનેશનલ એનઆરઆઈ અને વૈશ્વિક ભારતીય સમુદાયની માંગ પૂરી કરશે અને સરહદની કોઈ મર્યાદા વગર વિશ્વકક્ષાની સુવિધા ધરાવતાં ઈન્શ્યોરન્સ સોલ્યુશન્સ પૂરાં પાડશે. સૌથી મહત્વનું એ છે કે, આ પ્રોડક્ટ્સ યુએસ ડોલર જેવાં વિદેશી ચલણનો ઉપયોગ કરીને ખરીદી શકાશે. એચડીએફસી લાઈફ ઈન્ટરનેશનલ દ્વારા ઓફર કરવામાં આવતાં સોલ્યુશન્સની સંપૂર્ણ રેન્જમાં બચત, આરોગ્ય અને નિવૃત્તિ સંબંધિત વ્યક્તિની નાણાકીય જરૂરિયાતોને પૂરી કરી શકાશે.

પ્રથમ પ્રોડક્ટ-યુએસ ડોલર ગ્લોબલ એજ્યુકેશન પ્લાન હવે એનરોલમેન્ટ માટે ખુલ્લો છે અને તેનાંથી માબાપને ભવિષ્યમાં તેમનાં બાળકનાં વિદેશમાં શિક્ષણ ખર્ચને પહોંચી વળવા અમેરિકન ડોલરમાં ભંડોળ એકત્ર કરવામાં મદદ મળશે. આ પ્રોડક્ટનો હેતુ રોકાણના ચલણ અને ખર્ચના ચલણ વચ્ચેનાં ભાવિ અંસંતુલનને દૂર કરવામાં મદદ મળશે.એચડીએફસી ઈન્ટરનેશનલ લાઈફ અને આરઈ જાન્યુઆરી ૨૦૧૬થી કાર્યાન્વિત છે અને તે એચડીએફસી લાઈફની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. તે દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર("DIFC") દુબઈમાં આવેલું છે. ગિફ્ટ સિટી-IFSC ખાતેની વિદેશની બ્રાન્ચને ગિફ્ટ સિટી-IFSC ખાતેની યુનિફાઈડ રેગ્યુલેટર ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર ઓથોરિટીની જરૂરી મંજૂરીઓ અને ગ્રાન્ટ્સ મળી ગઈ છે. વૈશ્વિક ભારતીયો અને એનઆરઆઈની વીમા જરૂરિયાતોને ધ્યાનમાં લઈને બીસ્પોક અને વિદેશી ચલણમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ પ્રોડક્ટ્સ એચડીએફસી લાઈફ ઈન્ટરનેશનલ બ્રાન્ડ હેઠળ નવી લોંચ કરવામાં આવેલી વેબસાઈટ www.hdfclife-international.com પર ઉપલબ્ધ કરવામાં આવશે. નેવિગેશન માટે સરળ અને માહિતીપ્રદ વેબસાઈટ પર વ્યસ્ત માબાપ પોતાનાં બાળકોનાં શિક્ષણનું સરળતાથી પ્લાનિંગ કરી શકશે. આ સાઈટ પર તેમને સંપૂર્ણ એજ્યુકેશન કેલક્યુલેટર, પ્રિ-પેક્ડ ઓફર, આગામી પ્રોડક્ટ સેગમેન્ટ, સીમલેસ સર્વિસિંગ ઓપ્શન્સ અને નવી ઓફર માટે સીટ અનામત રાખવાની જોગવાઈનો લાભ લઈ શકશે. તેનો હેતુ માબાપ દ્વારા તેમનાં બાળકોનાં લાંબા ગાળાના આયોજનમાં અર્થપૂર્ણ રીતે મદદ કરવાનો છે.

## હિંદુ ધર્મ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. આ દરમિયાન આઝાદે લોકોને ભાઈચારો, શાંતિ અને એકતા જાળવવા વિનંતી કરી અને કહ્યું, 'ધર્મને રાજનીતિ સાથે ન જોડવી ન જોઈએ. લોકોએ ધર્મના નામે મત ન આપવા જોઈએ. આ સાથે જ ગુલામ નબી આઝાદે ધર્મને રાજકારણ સાથે જોડનારાઓને પણ નિશાન સાધતા કહ્યું કે રાજનીતિમાં ધર્મનો સહારો લેનાર કમજોર છે. જેને પોતાનામાં વિશ્વાસ છે તે ધર્મનો સહારો લેશે નહીં. યોગ્ય વ્યક્તિ કહેશે કે હું આગળ શું કરીશ, વિકાસ કેવી રીતે લાવીશ. ધર્મની રાજનીતિ કરવાવાળાને મત ન આપો.

## ફરજિયાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કપટપૂર્ણ પ્રવૃત્તિઓમાં સામેલ હતા.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "હવે અમે છેતરપિંડી રોકવા માટે સિમ ડીલરોનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત બનાવ્યું છે. એટલું જ નહીં, જો ધારાધોરણોનું ઉલ્લંઘન કરવામાં આવશે તો આવા સિમ ડીલરોને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે."

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ૧૦ લાખ સિમ ડીલરોને પોલીસ વેરિફિકેશન માટે પૂરતો સમય આપવામાં આવશે. ટેલિકોમ મંત્રાલય હોલસેલ કનેક્શન પર પ્રતિબંધ મૂકવાને બદલે કોમર્શિયલ કનેક્શનનો નવો કોન્સેપ્ટ લાવવા જઈ રહ્યું છે.

છેતરપિંડીના મામલા ઘટાડવા માટે સરકારે કેવાયસીપણ ફરજિયાત બનાવ્યું છે. અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે બિઝનેસની કેવાયસી, સિમ લેનાર વ્યક્તિની કેવાયસી પણ કરવામાં આવશે.

## લીલીઝંડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

HSL દ્વારા પાંચ ફલીટ સપોર્ટ જહાજોનું નિર્માણ કરવામાં આવશે. કેટલાક ભારતીય ખાનગી વતી આ ક્ષેત્રના નાના અને મધ્યમ ઉદ્યોગો સાથે મળીને કરવામાં આવશે. સ્વદેશી બનાવટના જહાજો સરકારી નિર્દેશોને અનુરૂપ ભારતીય નેવીને આત્મનિર્ભરતાના લક્ષ્યોને પણ વેગ આપશે.

આ જહાજો ઊંડા સમુદ્રી કામગીરી દરમિયાન નેવીના વિવિધ કાફલાઓને ખોરાક, બળતણ અને શસ્ત્રો સહિતની આવશ્યક સામગ્રી પૂરી પાડીને તેમની કામગીરીને સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ સાથે લાંબા ગાળામાં હજારો નવી નોકરીઓનું સર્જન થશે અને પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઉદ્યોગોની ક્ષમતાઓને વેગ મળવાની અપેક્ષા છે.

## ઉભી તિરાડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિદાવાઓ વચ્ચે આ માસના અંતમાં જ્યારે ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ મળશે ત્યારે આ બધા નિવેદનોથી તેઓ ક્ષોભકારક સ્થિતિમાં મુકાશે એવા એંધાણ હાલ મળી રહ્યા છે. ઈન્ડિયા ગઠબંધનનુ સંકલન યોગ્ય રીતે થતુ નથી તેવી એક ફરીયાદ નાના નેતા દ્વારા અગાઉ થઈ છે તે અત્યારે સાચી પડી રહી હોય એવુ જણાઈ રહ્યું છે.

## અલગ થયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈસરોના વડા સોમનાથે જણાવ્યું હતું કે લેન્ડિંગની પ્રક્રિયાની શરૂઆતમાં વેગ લગભગ ૧.૬૮ કિમી પ્રતિ સેકન્ડ છે પરંતુ આ ગતિ ચંદ્રની સપાટીની ક્ષિતિજની છે. અહીં ચંદ્રયાન-૩ લગભગ ૯૦ ડિગ્રી વળેલું છે. ક્ષૈતિજથી ઉર્ધ્વાધર દિશામાં બદલવાની સમગ્ર પ્રક્રિયા ગણિતની દ્રષ્ટીએ ઘણી જ રસપ્રદ ગણના છે. અમે ઘણી વખત આ પ્રક્રિયાનું પુનરાવર્તન કર્યું છે. ચંદ્રયાન-૨માં અહીં જ મોટી સમસ્યા નડી હતી.

ઉલ્લેખનીય છે કે ૧૪ જુલાઈના રોજ લોન્ચ થયા પછી ઈસરો (જીઈ)એ ચંદ્રયાન-૩ને તબક્કાવાર રીતે ચંદ્રની પાંચથી વધુ ભ્રમણકક્ષામાં સ્થાપિત કર્યુ છે. ૧ ઓગસ્ટના રોજ એક મહત્વપૂર્ણ પ્રક્રિયામાં યાનને પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી ચંદ્ર તરફ સફળતાપૂર્વક મોકલવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૩ એ ચંદ્રયાન-૨ (૨૦૧૯) માટેનું એક આગળનું મિશન છે જે ચંદ્રની સપાટી પર સુરક્ષિત રીતે ઉતરાણ કરવાની અને આસપાસ જવાની એન્ડ-ટુ-એન્ડ ક્ષમતાનું પ્રદર્શન કરે છે. ઈન્ટર-પ્લેનેટરી મિશન માટે જરૂરી નવી ટેક્નોલોજી વિકસાવવા અને તેને પ્રદર્શિત કરવાના ઉદ્દેશ્ય સાથે તેમાં સ્વદેશી પ્રોપલ્શન મોડ્યુલ, લેન્ડર મોડ્યુલ અને રોવરનો સમાવેશ થાય છે. ચંદ્રયાન-૩ મિશનનો ઉદ્દેશ્ય ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડિંગ કરવાનો, ચંદ્ર પર રોવર ચાલવાનો અને ચંદ્રની સપાટી પર વૈજ્ઞાનિક પ્રયોગો કરવાનો છે.

## મેડટેક એક્સપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલાઈ ગઈ છે અને આપણે આત્મનિર્ભર થયા છીએ. એટલું જ નહીં, મેઈક ઈન ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત દેશમાં મેડિકલ ડિવાઈસીસ અને દવાઓના નિર્માણને પ્રાથમિકતા અપાઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે મોંઘી હેલ્થ સર્વિસીસ, ઈક્વિપમેન્ટ્સ અને દવાઓ સામાન્ય જન અને ગરીબ જરૂરત મંદ લોકોને હવે આસાનીથી મળતા થયા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મેડિસિન અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં ગુજરાત લીડિંગ એક્સપોર્ટર સ્ટેટ છે તેની વિગતો પણ આપી હતી. તેમણે ઉમેર્યું કે કાર્ડિયાક હાઈટેક સ્ટેન્ટના ઉત્પાદનમાં ગુજરાત અગ્રણી છે. હાઈટેક ઈન?ટ્રા ઓક્યુલર લેન?સના ઉત્પાદનના પચાસ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે તેમજ ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ ઈન્સ્ટ્રૂમેન્ટના ઉત્પાદનમાં પણ ગુજરાત લીડ લઈ રહ્યું છે.

ડો.માંડવિયાએ જણાવ્યું હતું કે, "મેડટેક એક્સ્પો ૨૦૨૩ માટે માનનીય પ્રધાનમંત્રીના ભારતને 'આત્મનિર્ભર' બનાવવાના વિઝનમાંથી પ્રેરણા મળી છે. તે ભારતીય ચિકિત્સા ઉપકરણની ઈકોસિસ્ટમની ક્ષમતા અને ક્ષમતાનું પ્રદર્શન કરવા માટે એક વિશિષ્ટ, સર્વસમાવેશક પ્લેટફોર્મ હશે.". તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, હુંએનડિયા એ ઉભરતા બજારોમાં સૌથી ઝડપથી વિકસતું તબીબી ઉપકરણોનું બજાર છે.

આ પ્રસંગે મહાનુભાવોએ મેડટેક એક્સ્પો કોમ્પેન્ડિયમ, ફ્યુચર એન્ડ આરએન્ડડી પેવેલિયનની પુસ્તિકા અને ભારતના ફાર્માસ્યુટિકલ સેક્ટર પરની કોફી ટેબલ બુકનું પણ અનાવરણ કર્યું હતું.

મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર , અધિક મુખ્ય સચિવ શ્રી એસ જે હૈદર, શ્રી કમલેશ કુમાર પંત, ચેરમેન, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ); ફિક્કી (ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) મેડિકલ ડિવાઈસ કમિટીના અધ્યક્ષ શ્રી તુષાર શર્મા; આ પ્રસંગે ટ્રાન્સએશિયા બાયોમેડિકલ્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુરેશ વઝિરાની અને સરકાર, ઉદ્યોગ અને મીડિયાના અન્ય પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અરજી મળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાંહેધરી અને પુરાવા સાથે અરજદારે અરીજ કરવાની હોય છે. જયારે અરજદારો અરજી મંજુર થયા બાદ બે મહીનામાં ફી જમા કરાવાની થતી હોય છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં અનઅધિકૃત વિકાસ નિયમિત કરવા માટે તા ૮ ઓગ્ષ્ટ સુધીમાં ૩૧૫૯ અરજીઓ કોર્પોરેશનને મળી છે. જયારે આ પૈકી ૯૬૨ જેટલી અરજીઓને મંજુરી આપવામાં આવી છે. અલબત્ત ફી ની વસુલી પણ કરી દેવામાં આવી છે. અનઅધિકૃત વિકાસ નિયમિત કરવાના મામલે આગામી તા ૧૬ ડિસેમ્બર વર્ષ ૨૦૨૩ સુધીની મુદત નિયત કરવામાં આવી છે. જયારે આ મામલે નાગરિકો પણ અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવાના મામલે અંતિમ તકનો લાભ લે તેવી અપીલ પણ મહાનગરપાલિકા કક્ષાએથી કરવામાં આવી છે.

## ઝાપટા વરસશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. દક્ષિણ સૌરાષ્ટ્રના કોઈક કોઈક ભાગમાં પણ ઝાપટા પડી શકે છે. તા ૧૮ થી ૨૧ માં સાબરકાંઠાના ભાગો પંચમહાલના ભાગો, દાહોદ ગોધરાના ભાગો, સાપુતારા વિસ્તાર, ઉત્તર ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના ભાગોમા,વડોદરા સાવલી આણંદ, નડિયાદ ખેડા, વગેરે ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે. પંચમહાલના અને વડોદરાના કેટલાક ભાગોમાં વધુ વરસાદ થવાની સંભાવના છે. જયારે ગાંધીનગર અમદાવાદના વિસ્તારમાં તા ૨૧ સુધી વરસાદ થવાની સંભાવના છે. જો કે વરસાદી ઝાપટા વરસશે અલબત્ત કોઈ જગ્યાએ ભારે તો કયાંક હળવા વરસાદી ઝાપટા વરસશે મઘા નક્ષત્રનો વરસાદ કૃષિ પાકો માટે સારો ગણાય છે. મઘા વરસે તો તે પછીના ચાર નક્ષત્રો પણ વધતા ઓછા પ્રમાણમાં વરસતા હોય છે.